# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તકેદારી જાગૃતિ સપ્તાહ 2024 સમારોહને સંબોધિત કરતા જણાવ્યું કે ભ્રષ્ટાચાર એક રોગ છે, જેને મૂળથી નાબૂદ કરવો જોઈએ.

2) વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે સિંગાપોરમાં આસિયાન – ઇન્ડિયા નેટવર્ક ઑફ થિંક ટેન્ક્સની 8મી ગોળમેજી પરિષદને સંબોધન કર્યું

3) ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ

4) મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા માટે તમામ પાર્ટીઓનો આક્રમક ચૂંટણી પ્રચાર. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધુળેમાં વિપક્ષી પાર્ટીઓ પર વિકાસમાં રોડા નાખવાનો આરોપ લગાવ્યો.

5) અને ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ટી20 શ્રેણીનો આજથી ડરબનમાં પ્રારંભ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *PRESIDENT - VIGILANCE AWARENESS WEEK*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ભ્રષ્ટાચાર એક રોગ છે, જેને તેના મૂળથી નાબૂદ કરવો જોઈએ. રાષ્ટ્રપતિએ નવી દિલ્હીમાં કેન્દ્રીય તાકેદારી પંચ – CVC દ્વારા આયોજીત તાકેદારી જાગૃતિ સપ્તાહ 2024 સમારોહને સંબોધિત કરતા આમ જણાવ્યું. રાષ્ટ્રપતિ મુર્મુએ ઉમેર્યું કે સરકારે ભ્રષ્ટાચારનો સામનો કરવા માટે અનેક નવી પહેલ શરૂ કરી છે. આ સંદર્ભે તેમણે ડાયરેક્ટ બિનિફિટ ટ્રાન્સફર સ્કીમ, ઇ- માર્કેટ પ્લેસ અને ઇકોનોમિક ઓફેન્ડર્સ એક્ટનો ઉલ્લેખ કર્યો.

આ પ્રસંગે સંબોધન કરતાં રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યું...

### (બાઇટ – દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ)

આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય તકેદારી પંચના પી. કે. શ્રીવાસ્તવે જણાવ્યું કે સરકાર ભ્રષ્ટાચાર પ્રત્યે ઝિરો ટોલરન્સની નીતિ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે પંચ કર્મચારીઓની ક્ષમતા વિકાસ તેમજ આ સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવા પર ભાર મૂકે છે.

## *REV JAISHANKAR-SINGAPORE*

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકરે ભારત અને આસિયાન વચ્ચેની વ્યૂહાત્મક ભાગદારી પર ભાર મૂકતા જણાવ્યું છે કે બંનેની વસતી સંબંધી બાબતો અને વધતી માગ એકબીજાને મદદરૂપ બની શકે છે, જે વૈશ્વિક અર્થતંત્રનું ચાલક પરીબળ બની શકે છે.

ડૉ. જયશંકર આજે સિંગાપોરમાં આસિયાન – ઇન્ડિયા નેટવર્ક ઑફ થિંક ટેન્કસની 8મી ગોળમેજી પરિષદને સંબોધી રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત અને આસિયાન દેશો વચ્ચેનો સહકાર સમકાલીન પડકારોનો સામનો કરવા માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે.

ડૉ. જયશંકરે ભારત અને આસિયાનના સહિયારા પ્રદેશોમાં રાજકીય પ્રશ્નોને સ્વીકારતા તેમને સામૂહિક રીતે સંબોધીત કરવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું. ડૉ. જયશંકરે નવા નેટવર્કની પહેલ પર ભાર મૂકતા પૂર્વમાં ત્રીપક્ષીય હાઇવે પ્રોજેક્ટ – ભારત મધ્ય પૂર્વ યુરોપ કોરિડોર - IMEC અને આંતરરાષ્ટ્રીય ઉત્તર – દક્ષિણ પરિવહન કોરિડોર – INSTC જેવા ક્ષેત્રોમાં ભારતની પ્રમુખ પ્રતિબદ્ધતાઓ વિશે વાત કરી. વિદેશમંત્રીએ જણાવ્યું કે આ યોજનાઓની અસર ભાવિ તકો મેળવવા માટેની ચાવી છે. તેમણે ઉમેર્યું કે ભારત અને સિંગાપોર વચ્ચે ડિજિટલ અને એનર્જી કેનક્ટિવિટી પણ તાજેતરની ચર્ચાનો વિષય છે.

દક્ષિણ પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના સંગઠન - આસિયાનમાં ઇન્ડોનેશિયા, સિંગાપોર, ફિલિપાઇન્સ, મલેશિયા, બ્રુનેઈ, થાઈલેન્ડ, કંબોડિયા, લાઓસ, મ્યાંમાર અને વિયેતનામનો સમાવેશ થાય છે.

## *MILITARY HERITAGE FESTIVAL _UPDATED*

ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો આજે રાજધાની નવી દિલ્હીમાં પ્રારંભ થયો છે. બે દિવસ ચાલનારા આ ઉત્સવનો હેતુ વૈશ્વિક અને ભારતીય થિંકટેંક, કોર્પોરેશન, જાહેર તેમજ

ખાનગી કંપનીઓ, સ્વયંસેવી સંસ્થાઓ, શિક્ષણવિદો તેમજ સંશોધન વિદ્વાનોને દેશની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ, લશ્કરી ઇતિહાસ તેમજ લશ્કરી વારસા વિશે માહિતી આપવાનો છે.

લશ્કરની ત્રણેય પાંખના વડા – CDS જનરલ અનિલ ચૌહાણ - થળ, જળ તેમજ વાયુદળના પ્રમુખ સાથે આ ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉત્સવની શરૂઆતમાં પ્રોજેક્ટ 'શૌર્ય ગાથા'નું લોકાર્પણ કરાયું. જેનો હેતુ ભારતીય લશ્કરી વારસા દ્વારા શિક્ષણ તેમજ પ્રવાસનને પોત્સાહન આપવાનો છે.

## *JHARKHAND - CAMPAIGNING*

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ઝારંખડના લોહારડાગા અને સિમેગામાં ઇન્ડી ગઠબંધનના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. તો ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ જમશેદપુર અને સરાઈકાલે ખારસાવનમાં એનડીએના ઉમેદવારો માટે પ્રચાર મેદાનમાં ઉતરશે.

ભાજપના ઝારખંડ વિધાનસભા ચૂંટણી પ્રભારી શિવરાજસિંહ ચૌહાણ મનોહરપુર તેમજ જગન્નાથપુરમાં ચૂંટણી સભા સંબોધશે. તો ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા અને મુખ્ય પ્રધાન હેમંત સોરેન રાજ્યભરમાં વિવિધ ચૂંટણી સભાઓ કરવાના છે. આ ઉપરાંત અન્ય પક્ષોના નેતાઓ પણ આજે પ્રચારમાં જોડાશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યની 81 બેઠકો માટે 13 નવેમ્બર અને 20 નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરના રોજ મતગણતરી યોજાશે.

## *MAHAYUTI LEADERS IN MAHARASHTRA*

મહારાષ્ટ્રમાં 20મી નવેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે તમામ પાર્ટીઓ જોરશોરથી પ્રચાર કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ પણ આક્રમક રીતે ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધુળેમાં સભાને સંબોધી હતી અને મહાવિકાસ અઘાડીએ મહારાષ્ટ્રના વિકાસમાં રોડા નાખ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીનાં અન્ય ટોચનાં નેતાઓ આજે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર કરશે. નાસિક અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ શિરાલા, કરાડ દક્ષિણ, સાંગલી અને ઇચલકરંજીમાં જનસભાઓમાં સંબોધશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી આમગાંવ અને ગોંડિયા, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત કોલ્હાપુર દક્ષિણ, ઉત્તરાખંડનાં મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી સાંતાક્રુઝ પશ્ચિમ, નાલા સોપારા અને દહિંસર તથા નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ધુળ અને નાગપુરમાં પ્રચાર કરશે.

આ ઉપરાંત. ભૂતપુર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની તથા સાંસદ મનોજ તિવારી મુંબઇમાં વિવિધ સ્થળોએ અને પક્ષના ધારાસભ્ય પંકજા મુંડે હિંગોલી અને રાહુરીમાં પ્રચાર કરશે

## *PM-ADVANI*

ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીના 97મા જન્મ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ લખ્યું છે કે ભારત રત્ન એલ. કે. અડવાણી દેશના સૌથી લોકપ્રિય નેતાઓમાંથી એક છે, જેમણે રાષ્ટ્રના વિકાસ માટે પોતાની જાત સમર્પિત કરી. શ્રી મોદીએ ઉમેર્યું છે કે શ્રી અડવાણી હંમેશા તેમની બુદ્ધિ અને વ્યાપક દૃષ્ટિકોણ માટે આદર પામ્યા છે.

દિગ્ગજ નેતાનું માર્ગદર્શન મેળવવા બદલ પ્રધાનમંત્રીએ પોતાને ભાગ્યશાળી ગણાવતા તેમના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી છે. પ્રધાનમંત્રીએ લખ્યું છે કે આ વર્ષ વિશેષ છે કારણ કે શ્રી અડવાણીને રાષ્ટ્ર પ્રત્યેની તેમની ઉત્કૃષ્ટ સેવા માટે ભારત રત્ન એનાયત કરાયો છે.

## *J&K-TERRORIST*

ઉત્તર કાશ્મીરના બારમુલ્લા જિલ્લામાં સોપોર વિસ્તારમાં સલામતી દળો સાથેની અથડામણમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. કાશ્મીર ઝોનના પોલિસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જિલ્લાનાં પાણીપોરા સોપોરમાં ત્રાસવાદીઓની હાજરી હોવાની મળેલી બાતમીને પગલે ગઈ રાત્રિએ

સલામતી દળોએ સંયુક્ત અભિયાન હાથ ધર્યું હતું. સલામતી દળો છુપા સ્થળે પહોંચ્યા ત્યારે ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. ઘટના સ્થળેથી સંડોવણીજનક દસ્તાવેજો, શસ્ત્ર સરંજામ જપ્ત કરવામાં આવ્યા છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. હાલ અભિયાન ચાલુ છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

દરમિયાન, કિશ્તવર જિલ્લામાં ગુરૂવારે ગ્રામ સંરક્ષણ સમિતીના બે સભ્યોની હત્યાને ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબદુલ્લાએ વખોડી કાઢી છે.

## *INDIAN ROAD CONGRESS*

છત્તીસગઢના રાયપુરમાં આજથી 83મું ભારતીય માર્ગ કોંગ્રેસનું વાર્ષિક સત્ર શરૂ થશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી સાંજે આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

આ ચાર દિવસીય સંમેલન દરમિયાન અનેક તકનિકી સત્રો યોજાશે. સંમેલન દરમિયાન માર્ગ નિર્માણને લગતી નવી ટેક્નોલોજીની ચર્ચા કરવામાં આવશે. દેશ વિદેશમાંથી બે હજારથી વધુ નિષ્ણાતો તેમાં ભાગ લેશે.

## *T20 CRICKET*

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચ આજે ડરબનના કિંગ્સમીડમાં રમાશે. ભારતીય સમય અનુસાર રાતે સાડા આઠ વાગ્યે આ મેચ શરૂ થશે. બંને ટીમો વચ્ચે છેલ્લે જૂનમાં ટી-20 વિશ્વકપના ફાઇનલમાં મુકાબલો થયો હતો. ભારેત સાત રનથી આ મેચ જીતી લીધી હતી.

ભારતીય ટીમે છેલ્લી ટી20 શ્રેણી બાંગ્લાદેશ વિરુદ્ધ ત્રણ – શૂન્યથી જીતી લીધી હતી. ભારતીય ક્રિકેટ ટીમ આઇસીસી પુરુષ ટી20 રેન્કિંગમાં ટોચ પર જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ છ્ઠ્ઠા ક્રમાંકે છે.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી, કોડાઇકેનાલ, કેરળ તેમજ માહેમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર દક્ષિણ આંધ્ર પ્રદેશ, તમિલનાડુના દરિયાકાંઠા તેમજ તેની નજીકના દરિયાઇ વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી શકે છે, જેને કારણે માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સૂચના આપવામાં આવી છે.

આગામી સપ્તાહ દરમિયાન દેશના મોટાભાગોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફારની શક્યતા નથી. તો દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં બેથી ત્રણ દિવસ સુધી રાત્રે અને સવારના સમયે ધુમ્મસનો અનુભવ થઈ શકે છે.

## *BADMINTON*

ભારતના કિરણ જ્યોર્જ ઇક્સાન શહેરમાં રમાઈ રહેલી કોરિયા માસ્ટર્સ ટુર્નામેન્ટમાં પુરુષોની સિંગલ્સ સેમિ ફાઇનલમાં પ્રવેશ્યા છે. તેમણે જાપાનના તાકુમા ઓબાયાશીને ક્વાર્ટરફાઇનલમાં હરાવ્યા છે. ગઈ કાલે પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં જ્યોર્જે તાઇવાનના ચી યુ-જેનને હરાવ્યા હતા.